સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૫૫

ગરીબોની રગ નહીં, અદાણીના પકડો પગ!
એમઓયુના ફોર્મ વૅંચવામાં જ મળશે, ઢગ!
માથું રે'સે પોલીસના દંડામાં ને ઊંચા બે પગ -
કરતા હો સો કિજીએ બીજું કંઇ ન કરો કગ!
(ભાજપે પણ 'ઘર'ના ફોર્મ વહેંચ્યાં)

હાઈકુ

સંસદ ઠપ્પ!
લોકશાહી હૃદયની
નશો છે બ્લોક!
(વિકાસ ને 'એટેક')

ચતુર સ્ત્રી ઓ
રાજકારણે પણ
રમાડે પ્યાદાં..
(મહિલા સંમેલન, સ્થાન બદલાયાં, નગરમાં ચેસ સ્પર્ધાનો વિક્રમ)

ચિંતન

પ્રસરતિ મનઃ કાર્યારંભે દૃઢી ભવતિ સ્પૃહા સ્વય મુપનયન્નાર્થાનિમન્ત્રો ન ગચ્છતિ વિપ્લવમ્ ।
ફલતિ સકલ કૃત્યં ચિત્તં સપુણ્યતિમરતુને ભવતિ ચ રતિઃ શ્લાઘ્યે કૃત્યે નરસ્ય ભવિષ્યતિ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના 'સામાન્ય નીતિ' નામનાં બીજા અધ્યાયનો આ શ્લોક છે : અભ્યુદય તરફ, (ઉન્નતિ-પ્રગતિ-ચઢતી-બઢતી-વિકાસ) તરફ જઇ રહેલાં મનુષ્યની સ્થિતિ આ પ્રકારની હોય છે :

- કાર્યના આરંભ પ્રસન્નતા પૂર્વક મન ત્વરાથી પ્રવૃત્ત થવા પ્રયત્નશીલ હોય છે.
- અભિલાષાઓ-ઇચ્છાઓ-સંકલ્પો દૃઢ થતા જાય છે એટલે કે સફળતાનો વિશ્વાસ દૃઢ થતો દેખાય છે.
- વિચારો-આયોજન-પ્રવૃત્તિ-વિખેરાઇ ન જતાં આપોઆપ સંકલન થઇ એકમેકની સફળતા માટે સાકાર થતાં જાય છે.
- સહકાર અને સફળતા શાથી મિત્ર થઇ સહાયરૂપ બને છે.
- ચિત્ત ઉન્નત થઇ ઉત્સાહનો અનુભવ કરે છે અને મોટી ઉંમરે પણ સાહસ-સફળતાનો આનંદ મળે છે.

(આ શ્લોક માનનીય કેશુભાઇને લક્ષ્યમાં રાખી ફરીવાર વાંચતાં સમજવો સરળ બનશે.)

સુવિચાર

- જે દુઃખ સહન કરે છે એ જ જાણે છે કે દુઃખ કોને કહેવાય? - ધૂમકેતુ
- જો દર વર્ષે એક બૂરી આદત દૂર કરી દેવામાં આવે તો થોડાં જ વર્ષોમાં તદ્દન ખરાબમાં ખરાબ માણસ પણ સજ્જન થઇ શકે છે - ફ્રેંકલીન
- મુશ્કેલીનો સામનો કરવો એનું નામ જિંદગી - રવીન્દ્રનાથ ટાગોર
- હાજર જવાબી જીભને બદલે આપણને સૌને હાજર જવાબી હાથની જરૂર છે - એસ. ભટ્ટાચાર્ય
- આપણે જે કંઇ કરીએ એ બધું શ્રેષ્ઠ થાય એ કંઇ જરૂરી નથી, પણ પ્રેમથી, નિષ્ઠાપૂર્વક અને પોતાની ફરજ સમજીને કરીએ એ અગત્યનું છે - ધૂમકેતુ
- 'પ્રેમમાં અંધ' એ શબ્દો વપરાય છે કારણ કે પ્રેમ આંખથી નહીં હૃદયથી જુએ છે - શેક્સપિયર
- સત્કર્મનો નિજાનંદ એટલે મોક્ષ - આ.બા.ધ્રુવ

બોધ કથા

પરાધીનપણા જેવું કોઇ દુઃખ નથી. સ્વાશ્રયમાં સુખ છે. જે કાર્યની લગામ આપણા હાથમાં ન હોય એમાં જોતરાવું ગુલામી છે. આપણી મરજી-ઇચ્છા શક્તિ-વર્તન પર કોઇનું નિયંત્રણ એ ગુલામી જ છે. નિષ્ફળ પ્રેમી-દુઃખી-હતાશ-નિરાશ, સંસારી પોતાના દુઃખ ભૂલવાને બ્હાને દારૂ-બીડી-દવા - જેવાં વ્યસનનો આશ્રય લઇ ક્ષણભર કંઇક ભૂલવાનો દંભ કરે છે ને વ્યસનને પોષે છે.

રશિયન સાહિત્યકાર દોસ્તો વોસ્કી સારા લેખક હતા. પણ ગરીબી અને રોગની પીડાથી દુઃખી હતા. એક મિત્રએ સલાહ આપી તમે દરરોજ થોડુ થોડું 'અફીણ' લેવાનું શરૂ કરો. એનાથી બે ફાયદા સાથે એક તો તમે ગૂઢ આનંદનો અનુભવ કરી શકશો અને તમારી કલમને એનાથી નવા વિચાર-નવું જોમ મળશે અને બીજું તમે રોગની પીડા ભૂલી જશો.

દોસ્તો વસ્કીએ તરત જવાબ આપ્યો. અફીણમાં આ બે ગુણ હશે. કદાચ! પણ એક માણસ તરીકેની સ્વતંત્ર વિચારશક્તિ અને ઇચ્છાશક્તિની લગામ આવાં તૂચ્છ વ્યસનને હવાલે સોંપી, મારે મારી જાતના સૂકાની મટી જવાનો સોદો મને માન્ય નથી, જિંદગી તો સુખ અને દુઃખના સ્તંભ પર જ ઊભી છે. સંવેદન અને સ્મૃતિ તેનાં પાયા છે તેનો મુખ્ય આધાર છે. વ્યસનથી એ પાયા મારે હચમચાવવા નથી.

સૃષ્ટિમાં ગુરૂ-શિષ્ય સંબંધ બાબતે અનેક ઘટનાઓ ઘટી છે, તેમ છતાં રામકૃષ્ણદેવ અને નરેન્દ્રનાથનો સંબંધ સંપૂર્ણ ઈશ્વરીય માર્ગને વરે છે, અહીં ફક્ત નિતાંત પ્રેમ જોવા મળતો લાગે

શ્રુતિ બંધનમ્

- ડો. બ્રિજ

સ્વામી વિવેકાનંદજી વિશેષ

શ્રી રામકૃષ્ણને નરેન્દ્ર પ્રત્યે અનન્ય પ્રેમ હતો. એ દક્ષિણેશ્વરમાં ન આવ્યા હોય તો પોતે આ કુળવ્યાકુળ થઇ જતા હતા. જગદંબાને પ્રાર્થના કરતા રહેતા, એ ન આવે ત્યારે અજંપો અનુભવતા. તેમ છતાં જ્યાં સુધી નરેન્દ્ર પોતે રામકૃષ્ણને બુધ્ધિથી ન સમજ્યા ત્યાં સુધી ગુરૂદેવના અનન્ય પ્રેમે તેમને જકડી રાખ્યા હતા. જાણે કે 'કોઇક' તેમનો કબજો લઇ બેઠું હતું.

નરેન્દ્રનાથના ચરિત્ર વાચનમાંથી પસાર થઇ રહ્યો છું ત્યારે મને અલૌકિક સંબંધ સમજાય છે. જન્મ સંબંધથીય ઉપર ઇશ્વરીય સંબંધ પ્રત્યેનું મારું ઘેલપણ વધી રહ્યું છે.આ અમાપ સૃષ્ટિમાં કોણ ક્યારે કોને મળે છે...! ક્યા સંબંધે મળે છે. એ અકળ રહેલું સત્ય છે એમ જ સમજવું પડે. નરેન્દ્રનાથ દક્ષિણેશ્વર આવવામાં થોડા દિવસનો વિલંબ કરે ત્યાં રામકૃષ્ણદેવની વ્યથા વધી જતી. તેઓ ભક્તોને કહ્યા કરતાં "અરે! એને અહીં આવ્યે કેટલોક વખત થઇ ગયો. હું એને મળવા ઝંખુ છું." ક્યારેક તેઓ નરેન્દ્રની અત્યંત પ્રશંસા કર્યા કરતા. અને મળવાની આતુરતા સાથે જગદંબાને કહેતા : 'મા, એને મળ્યા વગર હું રહી શકતો નથી; મારૂં હૃદય જાણે નિચોવાઇ જાય છે પણ એને એની પડી નથી.' ૧૮મી સદીનું આ અલૌકિક મિલન હતું. આ મિલનની વ્યથા મારા જેવા કાગળ ઉપર કેમે કરી ઉપસાવી ન શકે. ગુરૂનું શિષ્ય માટેનું તડપન... આજે તો કદાચ આ હાસ્યાસ્પદ લાગે. ક્યારેક શંકા-કુશંકાઓ જગવે. પરંતુ આ સૃષ્ટિના રંગમંચ ઉપર રચાયેલો સાચુકલો પાઠ છે. આ દંતકથા નથી. અનેકની સામે ઘટેલી જીતવી ઘટના છે.

નરેન્દ્રનાથ પણ ઇશ્વરીય બળે ગુરૂ તરફ આકર્ષાયા હતા. શ્રીરામકૃષ્ણનાં ત્યાગ, પવિત્રતા અને સતત ઇશ્વર ભક્તિને કારણે તેઓ જરૂર અભિભૂત હતા. નરેન્દ્રનાં દર્શન માત્રથી રામકૃષ્ણદેવ સમાધિમાં પહોંચી જતા હતા. ગુરૂદેવના સમાગમમાં આવ્યા પછી પાંચ વર્ષ દરમિયાન નરેન્દ્રનાથ અઠવાડિયામાં એકાદ બે વાર મળવા આવતાં; ક્યારેક ત્યાં રોકાઇ પણ જતા. છેલ્લાં વર્ષોમાં કૌટુંબિક મુશ્કેલીઓને લીધે નરેન્દ્રનાથનું દક્ષિણેશ્વર આવવાનું ઓછું બનતું. ત્યારે એ અકિંચન - માનવ મન મનાવતા કહેતા "સારૂં છે નરેન્દ્ર આવતો નથી, કારણ કે એને જોઉં એટલે હું, વિહ્વળ થઇ જાઉં છું. એનું આગમન અહીં મોટી ધમાલ મચાવે છે." ગુરૂ-શિષ્યનો આ સંબંધ હૃદયમાં હળવા સ્પંદનો રચે છે. આવું થોડુંક અનુભવવા મળે તો જીવન ધન્યતા પ્રતિ સહજ ગતિ કરે. એક વ્યક્તિની હયાતી માટે તડપન હોઇ શકે? તેની હાજરી માટેનો ઝૂરાપો અમસ્તો કદી ન હોય...! અહીં એક સંબંધ દ્વૈતમાંથી અદ્વૈત બનતો જોવા મળે છે. એકમાત્ર વાંચનથી અને એ સંબંધ રીતિની કલ્પના શીલતામાં પણ હું ખરેખરો આનંદ અનુભવું છું. કેટલાય અકળ પ્રશ્નો અકળ ભલે રહે. કેટલાક સંબંધોનું સ્વરૂપ સમજાય તેમ નથી. છતાં એ સંબંધ પોતીકો લાગે છે, અંતરંગ લાગે છે. નરેન્દ્ર અને રામકૃષ્ણના સંબંધમાં અનોખી સુવાસ પ્રગટે છે... આજ લગી તેના કણો અવકાશમાં વિસ્તરીય છે. હું લખીને આપ વાંચીને જરૂર અનુભવી શકો. અને કેટલાંક સંબંધો જે આપણને અનોખી ટાઢપ આપે છે. તેને વિશાળતામાં વહેંચાઇ જવું ન પડે છે. તેને શ્વાસ બનીને પુરાઇ જવું પડે છે. અવકાશનો ખાલીપો અને ક્યારેક માનવનો ખાલીપો પુરવા જ આમ બનતું હશે... કોને ખબર...!

નરેન્દ્રનાથ ઉપર અટલ વિશ્વાસ અને આવનારા સમય માટે નરેન્દ્ર એકમાત્ર વિકલ્પ હોય તેવું પાગલપન રામકૃષ્ણદેવમાં હતુ. એકવાર એક ભક્તે એમને સમાચાર આપ્યા કે નરેન્દ્ર તો ચરિત્રશિથિલ લોકોના સહવાસમાં બગડી રહ્યો છે. રામકૃષ્ણદેવે એ ભક્તનો ઉધડો લેતાં કહ્યું : "એ વાત કદી ન બને. માએ મને કહ્યું છે નરેન્દ્ર કદાપિ ખોટે માર્ગે નહીં જાય."

નરેન્દ્ર પ્રત્યેની વિશ્વસનીયતા અતૂટ હતી. તેમની પ્રશંસા કરતાં ગુરૂજી કહેતા કે નરેન્દ્ર પ્રસંશાની ક્ષુદ્રતાથી પર છે, મને ખાતરી છે તેનામાં ગર્વિષ્ઠતા ક્યાંક નહીં આવે. આવી એક ઘટના માટે લખવી જોઇએ.

એક દિવસ શ્રીરામકૃષ્ણના ઓરડામાં કેશવચંદ્ર સેન, વિજય ગોસ્વામી અને બ્રહ્મસમાજના અગ્રણી વ્યક્તિઓ બેઠા હતા. નરેન્દ્રનાથ પણ ત્યાં હાજર હતા. ગુરૂજી કહી રહ્યાં હતા કે, કેશવમાં જો એને પ્રખ્યાત બનાવનારી એક શક્તિ છે તો નરેન્દ્રમાં એવી અઢાર છે. કેશવ અને વિજયમાં મેં જ્ઞાનપ્રકાશ મીણબત્તી જેવો જોયો છે જ્યારે નરેન્દ્રમાં તો એ પ્રચંડ સૂર્યની પેઠે પ્રકાશ તો જોયો છે.'

નરેન્દ્રનાથ અતિ પ્રશંસાથી પ્રભાવિત ન થયા પણ ગુરૂજીને કહે છે : "મહાશય! આપ આવું શા માટે બોલો છો? લોકો આપને પાગલ માની લેશે. વિશ્વ વિખ્યાત કેશવને અને સાધુચરિત વિજયને તમે મારા જેવા એક તુચ્છ યુવાન વિદ્યાર્થી સાથે શી રીતે સરખાવી શકો? કૃપા કરી ફરીથી આવું ન કરશો."

રામકૃષ્ણ દેવ એ વખતે જે જવાબ આપે છે તેની મહત્તા વિશેષ છે. તેઓ નરેન્દ્ર પ્રત્યે કેટલી આશાવંત નજરો ઢાળીને બેઠા હતા તે પણ સમજાય છે. તેઓ કહે છે : "હું નિરૂપાય છું. તું શું એમ ધારે છે કે એ મારા પોતાના શબ્દો હતા? જગદંબાએ મને જે દેખાડ્યું - સૂઝાડ્યું મેં એનું ઉચ્ચારણ માત્ર કર્યું છે, એ મને સાચા સિવાય કશું દેખાડતી નથી." નરેન્દ્ર ક્યારે આ બધી આપની કલ્પના છે એવું કહેતા ત્યારે ગુરૂજી જગદંબાના શરણે જતા. અને આશ્વાસન મેળવવા કે નરેન્દ્ર એક દિવસ આ બધું જ શબ્દેશબ્દ સ્વીકારશે.

ગુરૂ-શિષ્યની આવી અપ્રતિમ પ્રેમ ઘટના, વિશ્વાસની ટોચ અને સહવાસની ઘેલછા જવલ્લે જ જોવા મળે. સૃષ્ટિમાં ગુરૂ-શિષ્ય સંબંધ બાબતે અનેક ઘટનાઓ ઘટી છે. તેમ છતાં રામકૃષ્ણદેવ અને નરેન્દ્રનાથનો સંબંધ સંપૂર્ણ ઇશ્વરીય માર્ગને વરે છે. અહીં ફક્ત નિતાંત પ્રેમ જોવા મળતો લાગે. અને સ્વામીજીએ પણ ગુરૂજીના આદેશનું પાલન પણ બખૂબી નિભાવ્યું છે. દક્ષિણેશ્વરની એ મહાન ભૂમિમાં વરસો-વરસ સન્માન પામનારો સંબંધ આકારિત થઇ રહ્યો હતો. એક વ્યક્તિનું બીજી વ્યક્તિમાં સમાઇ જવાની અદૃશ્ય ઘટના બની રહી હતી. સમય તેનો સાક્ષી હતો. અને આજે પણ એ સાક્ષીભાવ આપણને તેમના જીવનમાં ડોકીયું કરવા મજબૂર કરે છે.

સ્વીટ રેઇન :

'હે સૂર્ય! તું કે જેણે તારા સુવર્ણમય પાત્રથી સત્યને ઢાંકી દીધું છે, તે આવરણને દૂર કર કે જેથી તારા અંદર રહેલા સત્યનાં હું દર્શન કરી શકું.' જે તારામાં રહેલ છે તે જ મારામાં છે.

- જ્ઞાનયોગ : સ્વામી વિવેકાનંદ

જાહેરમાં થતી ગંદકી, ખાનગીમાં થતાં ભ્રષ્ટાચાર કે સ્કૂલોમાં લેવાતાં ડોનેશન આ પ્રત્યેક માટે રાજકારણીઓ આપણા બધાની ફેવરીટ પંચિગ બેગ છે

સખીને પત્ર

- સ્વાતિબા રાઓલ

આજે સવારે ઉઠવામાં થોડું મોડું થઇ ગયું. આ... ટી.વી. વાળા! જો ને! સારી સારી સિરિયલો બધી મોડી રાત્રે જ આવે છે. પછી થઇ ન જાય ને? સવારે ઉઠવામાં મોડું. એમાય પાણીનો ફોર્સ ઓછો, કામ ઝડપથી કેવી રીતે થાય? સવારે સ્કૂલે પહોંચવામાં થઇ ગયું મોડું. આમાં મારો કોઇ દોષ ખરો? ઓફિસમાં પહોંચી ત્યારે આઠમા ધોરણના વર્ગ શિક્ષિકા એક વિદ્યાર્થીને લઇને હાજર. તેના વિષેની ફરિયાદોનો ઢગલો કરી નાંખ્યો. નિયમિત આવતો નથી, ગૃહકાર્ય લાવતો નથી, વર્ગમાં જંપીને બેસતો નથી, સામે બોલે છે વગેરે વગેરે... આપણું કહ્યું નથી માનતો. એના મા-બાપ પણ એવાં જ હશે. સારી સલાહ નહિ આપતાં હોય! બોલાવો! વિદ્યાર્થીના મમ્મી-પપ્પા બંને હાજર થયા. ફરિયાદો સાંભળતાં વેંત મમ્મીએ કહ્યું, 'એના દાદીએ એને ફટવ્યો છે. બહુ લાડ કરે છે.' પપ્પાએ મમ્મીને કહ્યું, "તું આખો દિવસ ઘરમાં રહી શું કરે છે? તું ધ્યાન નથી આપતી એટલે જ આ બગડી ગયો છે." સામસામા આક્ષેપ-પ્રતિઆક્ષેપની વણઝાર. મામલો પરાણે થાળે પાડ્યો. પણ પ્રશ્ન તો યથાસ્થાને હતો. વાંક કોનો?

જાણીતા અંગ્રેજી લેખિકા એરિકા ર્યોંગે કહેલું :

'Take life in your hands and What happens? A Terrible thing, no one to bleme.' -

તમારી જિંદગીનો દોર તમારા હાથમાં લો... સારા નરસાની જવાબદારી તમારા માથે લેતાં શીખો એવું 'ડાહ્યાઓ' કહે છે પણ આ વાત સ્વીકારીએ તો પછી શું થાય? સફળતાનો યશ ખુદને મળે એ તો ઠીક મારા ભાઇ, પણ ફ્લોપ ગયાં કે ઉંધે માથે પછડાયાં તો પછી કોને દોષ આપવાનો ચાન્સ મળે? એક્સિડન્ટ થાય ત્યારે પેલા કે પેલીને કારણે જ થયો એવા બહાનાની એરબેગ હોવી ખૂબ જ જરૂરી છે. આપણાં ગરબડ ગોટાળા માટે બીજાને દોષ આપતાં રહીએ તો જ શાંતિથી જીવી શકાય ને?

પરણેલાઓને આ વાતનો બહુ મોટો ફાયદો છે. ઘર કે બાળકોની દરેક સમસ્યાઓ માટે દોષનો ટોપલો ઢોળી શકાય એવું એક કંટેનર હાજર રહે છે. થોડા વખત પહેલાં એક એસ.એમ.એસ. આવેલો કે પુરૂષો લગ્ન શા માટે કરે છે? જવાબ એ છે કે એમના જીવનમાં ડગલે ને પગલે પ્રોબ્લેમ્સ આવે છે અને એ બધાં એમણે પોતે જ ઉભાં કર્યાં હોય તે પણ દર વખતે તે ભગવાનને કે પોલિટીશ્યનને દોષ ન આપી શકે એટલે એ પછી પત્નીને જ લઇ આવે છે. પુરૂષો આ જ વાત 'સ્ત્રીનો લગ્ન શા માટે કરે છે?'કરીને ચાલુ કહશે. ટૂંકમાં સ્ત્રી હોય કે પુરૂષ દરેકને એક પંચીગ બેગ કે બ્લેમિંગ બેગ જોઇએ છે.

અચ્છા, પરણ્યા ન હોય તે શું કરે? નેચરલી! મા-બાપ છે ને! મને શાક બહુ ઓછા ભાવે છે. મારા મા-બાપનો જ વાંક છે. નાનપણમાં મને સારી આદતો ન કેળવી. મને હિસાબ રાખવો ગમતો નથી કે રાખી શકતો નથી. એમાં વાંક મારા. ગણિતના ટીચરનો જેમણે મને સરખું કે રસપ્રદ રીતે ગણિત ન શીખવ્યું. એક વાર વ્યસનમુક્તિના એક કાર્યક્રમમાં એક વિદ્યાર્થીએ કબુલ્યું કે તે ગુટખા ખાય છે. અમે તેને પૂછ્યું કે, 'આ ખરાબ આદત છે, છોડતો કેમ નથી?' એણે જવાબ આપ્યો, 'છોડી દે, એવું કોઇએ આજ સુધી કહ્યું જ નથી.' (જો કે, આ કાર્યક્રમમાં વ્યસન છોડવાના શપથ લેવડાવ્યા પછી પણ તેનું વ્યેસન જો ચાલુ રહ્યું હોય તો વાંક ચોક્કસ કોઇ અન્ય પરિબળનો જ હશે.)

પેરેન્ટ્સ કે ટીચર કોને દોષારોપણ કરે? અરે! છે ને હાથવગાં આપણાં રાજકારણીઓ. હેલ્મેટ નહિ પહેરવાના ગુના બદલ ૫૦ની નોટ પોલીસના ખીસ્સામાં સરકાવતાં સરકાવતાં પોલીસ ડિપાર્ટમેન્ટમાં થઇ રહેલાં વ્યાપક ભ્રષ્ટાચારના વિચારે આપણી આંખો ભીની નથી થઇ જતી! છાપાં વાંચો, ફિલ્મો જુઓ કે રસ્તે જતાં કોઇ પણને પૂછો કે આપણાં દેશની સમસ્યાઓના મૂળમાં કોણ જવાબદાર છે? અડદાથી વધુ જનતા કહેશે રાજકારણીઓ. જાહેરમાં થતી ગંદકી, ખાનગીમાં થતાં ભ્રષ્ટાચાર કે સ્કૂલોમાં લેવાતાં ડોનેશન આ પ્રત્યેક માટે રાજકારણીઓ આપણાં બધાંની ફેવરીટ પંચિગ બેગ છે.

જો કે, રાજકારણીઓ નાત તેમના મતદારોની નાત કરતાં વધુ સ્માર્ટ છે. બંધ બારણે મિટીંગમાં બથંબથા બાઝ્યા પછી રીઢો રાજકારણી હસતો - હસતો બહાર નીકળે છે. કોઇકે કહ્યું છે કે, તકલીફોનો પાર ન હોય, પાસા અવળા પડતાં હોય છતાં કોઇ માણસ હસતો દેખાય તો સમજી લેવું કે તેણે બલિનો બકરો શોધી નાંખ્યો છે. હમણાં મોંઘવારી ખૂબ વધી છે. કુગાવો વધ્યો છે. ના.ણા.પ્રધાનને પુછીએ તો કૃષિપ્રધાન તરફ આંગળી ચીંધશે. કૃષિપ્રધાન ઉપર તરફ ઇશારો કરશે. મતલબ દેશની મોંઘવારી કુદરતને આધીન છે. કુદરતને અવાજ હોય તો શું કહેત? માણસ જ જવાબદાર છે. બધી બબાલ માટે. તેણે પ્રદૂષણ વધાર્યું, આડેધડ જંગલો કાપ્યા, કુદરત સાથે છેડછાડ કરી વગેરે... વગેરે... કેવી સરસ સર્કલમાં રમી શકાય તેવી બ્લેમગેમ.

દોષી ઠરાવવા માટે જો કોઇ ન મળે તો ક્યારેક ભૂત પણ કેટલીક દુર્ઘટનાઓ માટે જવાબદાર બની શકે છે. ફેવરીટ પેન ખોવાઇ જાય કે, તિજોરીની ચાવી ફ્રીઝમાંથી મળે કે હિસાબમાં પાંચસો નોટ ઓછી પડે કે ઘરમાં કાંઇ માંદુ પડે ત્યારે ઘણીવાર અગોચર દુનિયાના જીવો ઉપર પણ શક જાય ખરો! મેં તો ચોપડી ટેબલ પર જ મુકી હતી! તેને બહાર કોણ લાવ્યું? 'મેં નહીં,', 'મેં પણ નહિં!', 'મને તો ખબર જ નથી.' આવાં જવાબો પછી ઘરમાંના ભૂતનું જ આ કૃત્ય છે તેમ માની લેવું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૩૦મી ઓગષ્ટ

- સાહિત્ય-ઇતિહાસમાં નામનાં મેળવનાર અર્નેસ્ટ રૂથરફોર્ડનો જન્મ તા. ૩૦-૮-૧૮૭૧.

અંકગણિત-પદાર્થ વિજ્ઞાનના માંધાતાએ વિદ્યુત ચૂંબકીય, વિકિરણ મોજાઓ, ચાર્જ્ડ હાઇડ્રોજન પરણામું સંઘટન ટક્કરથી ઉત્પન્ન થાય એવી શોધ કરીને તેના નૂતન અંશને 'પ્રોટોન' નામ આપ્યું. ૧૯૦૮માં અણુ વિષયક સંશોધનોથી નોબેલ પારિતોષિક મળ્યું.

- મુંબઇનું નૂર - હિંદના બુધ્ધિધનમાં એક એવા લખચદાસ રવજી તેરસીની પુણ્યતિથિ ૩૦-૧૦-૧૮૬૬. એમનાં સાહસિક પણા અને ન્યાયવૃત્તિ પર એતબાર રાખીને શ્રી ડાંગે વગેરે તેમની સલાહ લેવા દોડી આવતા.
- સામાજિક કાર્યકર ગર્લ્ડ ગાઇડઝ - વર્લ્ડ કમિટીનાં સભ્ય 'બ્રોન્ઝવુલ્ફ' પદ્મશ્રી એવોર્ડ મેળવનારા લક્ષ્મી મજમૂદારનો જન્મ - ૧૯૧૨.
- જાણીતા ગુજરાતી

ગઝલકાર 'સેફ પાલનપુરી'નો જન્મ ૧૯૨૩.

- પિલ્ગ્રમ્સ પ્રોગ્રેસના અંગ્રેજ લેખક જહોન બનઘનનું અવસાન - ૧૬૮૮.
- શાહજહાંનાં પુત્ર દારાનું અવસાન - ૧૬૬૫.

જે નદીઓ હિમાલય આદિ પર્વતોમાંથી નીકળી હોય તથા તેનું પાણી પથ્થરો સાથે અથડાવાથી ઉછળતું તેમજ ખળખળીને હલકું થયેલું હોય તેવું પાણી પીવું જોઇએ, સ્થિર તથા વહેણ વિનાનું પાણી અનેક રોગો કરે છે

આયુર્વેદ અને પાણી
નિરામય

- ડો. કેદાર ઉપાધ્યાય

છેવટે રહી, રહીને વરસાદે ગાંધીનગરમાં હાજરી પુરાવી છે. તો ચાલો, આ વરાસદના માનમાં આજે થોડુંક પાણી વિષે...

પાણી... એક એવી જરૂરિયાત કે જેના વિના અમુક કલાકો પણ ન રહી શકાય. પંચમહાભૂતોમાં ચોથા ક્રમે આવતું પાણી (એટલે કે જલ મહાભૂત) પૃથ્વી કરતાં સુક્ષ્મ તેમજ આકાશ, વાયુ તથા અગ્નિ કરતાં સ્થૂળ છે. તેમાં આકાશ, વાયુ તેમજ અગ્નિના ગુણો રહેલાં છે.

આયુર્વેદમાં પાણીને ખુબ મહત્ત્વપૂર્ણ સ્થાન અપાયું છે. પાણી અને તેના ગુણો, અલગ અલગ પ્રકારના પાણી. પીવાલાયક તેમજ ન પીવાલાયક પાણી, નદીઓના પાણી, ઠંડુ તેમજ ગરમ પાણી આદિ વિશે. વિષદ વિવરણ તો ચાલો જોઇએ, શું કહે છે આયુર્વેદ, પાણી વિશે.

"તે જીવન આપનારું, સંતોષકર, હૃદય માટે હિતકર, આનંદ આપનારૂં, બુધ્ધિને જાગૃત કરનારૂં, બહું પાતળું, અવ્યક્ત રસયુક્ત (એટલે કે તેમાં કોઇ પણ સ્વાદ નથી) અડકવામાં ઠંડુ, હલકું તેમજ અમૃત જેવું હિતકારી છે."

આયુર્વેદમાં ઉપરોક્ત વર્ણન વરસાદના પાણીનું છે કે જે આયુર્વેદ મતાનુસાર શ્રેષ્ઠ જલ છે. વરસાદના પાણીને ગંગાઅમ્બુ, દિવ્યાઅમ્બુ, ઐન્દ્રે યજલ કે માહેન્દ્રજલ કહે છે. ('અમ્બુ', 'તોય' આદિ પાણીના સમાનાર્થી શબ્દો છે.)

વળી, એમ પણ કહ્યું છે કે જ્યારે વરસતાં પાણીનો વાયુ સાથે સંસર્ગ થાય તેમજ સૂર્ય અને ચંદ્રના કિરણો લાગે ત્યારે તે દેશ તથા કાળ પ્રમાણે ગુણકારી કે અવગુણકારી થાય છે. એટલે કે જો વરસતાં પાણીને ત્રાંબાના કોઇ વાસણમાં ઝીલવામાં આવે તો તે પાણીમાં એ ત્રાંબાને અનુરૂપ ગુણઓ આવે છે. જો એ 'પાણી ગંદી જમીન પર પડે તો તે અવગુણકારી બને છે, અને સ્વચ્છ જમીન પર પડે તો ગુણકારી થાય. દરિયામાં પડે તો ખારૂં થાય, અને નદીમાં પડે તો મીઠું થાય.'

પીવાલાયક પાણીના લક્ષણોમાં આયુર્વેદમાં જણાવાયું કે સ્વચ્છ પાત્રમાં ઝીલેલું અને ભરેલું વરસાદનું સ્વચ્છ પાણી હંમેશા પીવું. જો એમ ન થાય તો કાળી, ગોરાળું જમીન

તેવું પાણી, (...તો પછી ફ્રીઝમાં રાખેલું કે ભૂગર્ભ ટાંકામાં રાખેલું પાણી પીવાય કે ના હિં ? . .) તરતનું વરસેલું પાણી (અહિં ના વિશાલ અને સ્વચ્છ ભાગમાં ભરાયેલું અને જેના પર હંમેશાં સૂર્યનો તડકો તેમજ પવનનાં સપાટા લાગતા હોય તેવું પાણી પીવું...

ન પીવાલાયક પાણીની વાત કહેતા જણાવ્યું છે કે, મેલું તથા મલીન થયેલું પાણી, જેના પર સૂર્ય અને ચંદ્રના કિરણો ન પડતા હોય એમ કહ્યું છે કે વરસાદના ઝીલેલા પાણીનો અમુક કાળ સુધી નીતાર્યા બાદ ઉપયોગમાં લેવું), પહેલાં વરસાદનું પાણી વર્ષાઋતુ સિવાય બીજી ઋતુમાં પડેલું વરસાદનું પાણી, તથા દાંત કળે તેવું ઠંડુ પાણી પીવું નહિં.

નદીઓના પાણીની વાત કહેતા આચાર્યો જણાવે છે કે જે નદીઓ હિમાલય આદિ પર્વતોમાંથી નીકળી હોય તથા તેનું પાણી પથ્થરો સાથે અથડાવાથી ઉછળતું તેમજ ખળખળીને હલકું થયેલું હોય તેવું પાણી પીવું જોઇએ. સ્થિર તથા વહેણ વીનાનું પાણી અનેક રોગો કરે છે.

વળી, આચાર્યોએ કહ્યું છે કે ઉકાળીને ઠંડુ કરેલું પાણી હલકું અને શરીરમાં રહેલ સ્ત્રોતસ (નાડીઓ જેમાંથી અનેક પદાર્થોનું વહન થાય છે.) નું અવરોધન કરતું નથી.

(અનુસંધાન પાના નં. ૬ પર)